કચ્છી સાટામા તેઓ વિજેતા થઇ કચ્છનું ગૌરવ વધાર્યું હતું અને પણ શોખ છે તેમના વેબસાઇટ www.niketathakkar.com છે.

# વૈશ્વિક વન્ય જીવન સપ્તાહની ભુજમાં ઉજવણી : પક્ષીઓ વિશે અપાયેલી માહિતી

ભુજ, તા. ૧૦ : દર વર્ષની જેમ ઓક્ટોબર દરમ્યાન વિશ્વમાં વૈશ્વિક વન્ય જીવન સમાહની ઉજવણી કરવામાં આવે છે. આ સમાહની ઉજવણી નિમિત્તે ધી ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી સંચાલિત કચ્છમિત્ર જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર ભુજમાં 'નેચર વોકનો કાર્યક્રમ' રાખવામાં આવ્યો હતો.

ભુજના જાણીતા પક્ષીવિદ નવીનભાઇ બાપટે ખેંગારપાર્ક તથા રાજેન્દ્રપાર્કમાં જુદા જુદા પ્રકારના પક્ષીઓ વિશે જણાવ્યું હતું જેમાં દા.ત. કબૂતર છે એ પાણીને ચૂસવાની શક્તિ ધરાવે છે. બાકીના પક્ષીઓને ચાંચ ઉપર કરીને પીવે છે તથા ચામાચીડિયું એ શાકાહારી હોય છે તે ખાવાનું શરીરમાં પચાવે છે અને તેને મોં દ્વારા બહાર કાઢી નાખે છે અને આપણા ઘરમાં જે ચકલી આવે છે તે દિવસમાં પંદર વખત ખાવાનું ખાય છે. જુદા જુદા પક્ષીઓ વિશે માહિતી આપતાં તેમણે રોઝપેલીન એ સાયબીરિયાનું પક્ષી છે. તેના પાંખનો ફેલાવો ૬ ફૂટ હોય છે તથા તે પોતાની ચાંચમાં સાડા ત્રણથી ચાર લિટર પાણી રાખી શકે છે. જે પક્ષી તેમણે હમીરસરમાં બતાવ્યું. વનસ્પતિમાં તેમણે કલ્પવૃક્ષ વિશે જણાવતાં કહ્યું કે તેનું થડ ૩૬ ફૂટ સુધીનો હોઇ શકે છે. જેમાં આફ્રિકાના કબીલાના જંગલના લોકો તેમાં ઘર બનાવીને પણ રહેતા હતા.

ત્યારબાદ એક જગ્યા પર બેસી પ્રશ્નોત્તરી કરી હતી. જેમાં તેમણે બધાના પ્રશ્નોના જવાબો આપ્યા હતા. આ પ્રમાણે વનસ્પતિ, પક્ષીઓ અને પ્રાણીઓ વગેરેથી વિદ્યાર્થીઓ તથા જનતાને માહિતગાર કર્યા હતા. ભવિષ્યમાં આવા કાર્યક્રમોમાં ભાગ લેવા તથા હજુ પણ આવી નવી નવી બાબતો વિશે જાણવા વિદ્યાર્થીઓ અને લોકોએ તૈયારી બતાવી હતી. ડૉ. દેવાનંદ જે. પરમાર, ડૉ. ઉર્વશી જે. પરમાર વગેરે આ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ સંસ્થાના સી.ઇ.ઓ. અક્ષય મલ્હોત્રાએ કરી હતી. અને વ્યવસ્થા પ્રવીણ મહેશ્વરીએ સંભાળી હતી.

Generated by CamScanner from intsig.com